

September 2022 | Issue No. 34 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે


પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



સાધનોની તપાસ થઇ રહી છે !

# નાની સિદ્ધિઓ મોટું પરિવર્તન લાવી શકે છે !







કોઈ એક એવી વ્યક્તિ કે જેની હંમેશા કાળજી લેવી પડતી હોય, પણ  હવે તે ઘરમાં મદદરૂપ બનતી હોય એવી જ કંઈ અદ્ભુત સફર દુર્ગાની રહી છે. દુર્ગાની ઉંમર 18 વર્ષની છે, તેનો પરિવાર કામની શોધમાં અને બીમાર પિતા/પતિની સારસંભાળ માટે નાના ગામમાંથી સ્થળાંતર કરીને અહી અમદાવાદ આવેલ હતું. પણ અફસોસ જેની શોધ હતી તે બંને તેમને મળ્યું ન હતું! તેથી જ દુર્ગાની ચા નાં સ્ટોલ પર કામ કરતી હતી. ત્યાં તેમણે કામ કરતી વખતે પ્રભાત વિશે  જાણ્યું હતું., તેણીને ખ્યાલ નહોતો કે કોઈ સંસ્થા દુર્ગા જેવા બાળકોને રાખતી હોય ? તેમના મનમાં ઘણા સવાલો ઉદભવ્યા હતા અને તેના જ જવાબ માટે તેમને સેન્ટરનું મુલાકાત કરી. જ્યાં તેમને જે દ્રશ્યો જોયા, વાતવરણ જોયું એ તેમના માટે અવિશ્વસનીય હતું. તેમને પ્રથમ નજરે તો ચોક્કસ લાગ્યું કે અહી દુર્ગા ને મુકવામાં વાંધો નથી. પરંતુ 14 વર્ષથી જે દીકરીને પોતાનાથી છૂટી ન કરી હોય તેને કઇ રીતે સેન્ટર પર એકલી રાખવી તે એમની માતા માટે મૂંઝવણ હતી. તેથી જ તે ખુદ દુર્ગા સાથે સેન્ટર પર શરૂઆતના સમયમાં  રોકાશે એવું નક્કી કર્યું.

દુર્ગાની માતા શરૂઆતમાં સેન્ટર પર આવતા અને દરેક વસ્તુ નું નિરીક્ષણ કરવા લાગ્યા. દુર્ગા પણ સેન્ટરમાં કેવું પ્રતિભાવ આપે છે તે જોવા લાગ્યા. સ્વાભાવિક છે કે શરૂઆત માં દુર્ગા વિશેષ કોઇ પ્રગતિ ન કરી શકી. પરંતુ ધીરે ધીરે તેમાં બદલાવ ની શરૂઆત થઇ.

જેમ કે, ધાણાનાં પાન તોડવા, દાળ વીણવી વગેરે કાર્યોમાં રસ આપવાનું શરુ કર્યું. શિક્ષકોને તરત જ સમજાયું કે, દુર્ગા પોતાના ઘરમાં જે વસ્તુ જોઇ હતી તેનું અનુકરણ સહજતાથી કરી શકે છે. અને તેથી જ તેને એ જ બાબતોનો મહાવરો કરાવવામાં આવ્યો જે દુર્ગા માટે જોયેલું હતું. અને રોજીંદા નાના નાના કાર્યો માટે તેને તૈયાર કરવાની દિશામાં પ્રયાસો કરવામાં આવ્યા. જેમ કે, પોતાને સ્વચ્છ રાખવું, વાળ ઓળવા, જાતે કપડા બદલવા વગેરે. પ્રગતિ ભલે ધીમી હતી પરંતુ તેને ચોક્કસ જોઈ શકાતી હતી. અને વિશેષ તેની પ્રગતિ નો વિકાસ એના પરિવારે લોક ડાઉન સમયે અનુભવ્યો. દુર્ગા તેની માતાને કામકાજમાં મદદ કરવા લાગી. જેમ કે, વાસણ સાફ કરવા, કપડા લેવા, સાફ સફાઇ વગેરે.

દુર્ગા એક ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવે છે, જેમણે હંમેશા જીવનનિર્વાહ કરવા માટે સંઘર્ષ કર્યો છે, પરંતુ પ્રભાતે હાંસિયામાં ધકેલાઇ ગયેલા લોકો માટેના સરકારી અધિકારો મેળવવા માટે કાર્ય કરે છે જેના ભાગરૂપે દુર્ગાનાં સેન્ટર પર પ્રવેશ બાદ તેના પરિવાર ને પણ તેનો લાભ મળી શક્યો. જેમાં વિવિધ વિવિધ પીડબ્લ્યુડીનો લાભ પણ મેળવી શક્યા.

તમામ સંઘર્ષો વચ્ચે દુર્ગાની પ્રગતિ પરિવાર માટે પ્રકાશનું કિરણ બની રહી છે. તેની માતા કહે છે તેમ “અમે સ્વપ્ને પણ ન તું વિચાર્યું કે, દુર્ગા આવું પણ કરી શકશે. અમને તો એમ જ હતું કે અમને જ તેની સારસંભાળ લેવી પડશે. પરંતુ હવે આજે દુર્ગા ઘરમાં અમને મદદ કરતી થઇ છે.”!

લોકડાઉન પછી દુર્ગા કેન્દ્રમાં સતત હાજર રહી શકી નથી, પરંતુ તેની માતાના જણાવ્યા મુજબ, તેણીએ ઘરે કેન્દ્રમાંથી લીધેલી તમામ વ્યવહારુ તાલીમનો ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું છે. જ્યારે તે કેન્દ્ર પર આવે છે તે બહાર રમવાનું પસંદ કરે છે. દુર્ગા અને તેના પરિવારને જરૂરી યોજનાઓ કે અન્ય અનાજ, કપડા કે વસ્તુ ઓનું વિતરણ કાર્યક્રમ હોય તો અવશ્ય બોલાવવામાં આવે છે.

દુર્ગાનાં ચહેરા પર હવે સ્મિત હોય છે!

# મંથલી અપડેટ

**આંગણવાડી સહયોગ:** દર મહિને પ્રભાત આંગણવાડી સર્વેક્ષણો અને તાલીમો પર અહેવાલ આપે છે, આ તમામ મહિનાઓની મહેનત અને મક્કમતાને લીધે નોંધનીય અદ્દભુત પરિણામ મળેલ છે. પ્રભાતને વટવામાં 2 આંગણવાડીમાં ફિઝિયોથેરાપી માટે જગ્યા આપવામાં આવી છે. જે નવી પહેલ છે. અહી ઓળખ થયેલ વિકલાંગ બાળકના પુનર્વસન માટે અહી વધારે સારી સુવિધા ઉપલબ્ધ થઇ છે જે માઇલ્ડ તથા મધ્યમ સ્તરના વિકલાંગ બાળકોને સીધા મુખ્ય શાળા સાથે જોડવામાં મદદરૂપ બનશે.

**રાજ્ય સ્તરીય પરામર્શ:** ગુજરાતમાં પડકારોને સમજવા અને સમુદાય આધારિત સંસ્થાઓના નેટવર્કને મજબૂત કરવા માટે યુનિસેફ, ગાંધીનગર અને સોહાર્દ દ્વારા આયોજિત રાજ્ય સ્તરીય પરામર્શ માટે પ્રભાતને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રભાતે કરેલ અભ્યાસ અને બદલાયેલા વાતાવરણમાં સંસ્થા દ્વારા સામનો કરવામાં આવી રહેલા પડકારો રજૂ કર્યા. આ પીઅર લર્નિંગ અને નોલેજ એક્સચેન્જ સાથેનું એક અર્થપૂર્ણ સત્ર રહ્યું હતું.

**આઉટ ડોર વિઝીટ** : બાળકોએ વટવા ખાતે આનંદ મેળાની મુલાકાત લીધી અને રોમાંચ અનુભવ્યો હતો. આ મુલાકાત બાળકોને આનંદ આપવાની સાથે વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓને સમજવામાં અને હેન્ડલ કરવામાં મદદ કરે છે, જેમ કે વસ્તુઓની ખરીદી, પૈસાની આપ- લે , સામાજિક વ્યવહારોની સમજ પણ વિકસવા માટેનું અવસર પ્રદાન કરે છે. પ્રભાત સાથેના કોમ્પોઝિટ રિજનલ સેન્ટરના વિદ્યાર્થીઓ માટે પણ આ તાલીમની એક તક બની રહી હતી. તેઓ સાર્વજનિક જગ્યામાં વિવિધ વિકલાંગતા ધરાવતા બાળકોને કેવી રીતે હેન્ડલ કરવા તે સમજવા અને દર્શાવવા મળે છે.

**ઉજવણીનો એક અનોખો પ્રસંગ:** જો તમે 22મી સપ્ટેમ્બરે યુસીડી સેન્ટર- વટવામાં પ્રવેશ્યા હોત તો તમે બાળકોનો એક આનંદનો સમુદ્ર જોયો હોત ! જેમાં માતા-પિતા ખૂબ જ આનંદિત સમય પસાર કરતા હતા – ડાન્સ અને એક પછી એક રમતો રમતા બાળકો નજરે જોવા ચડ્યા હતા. ચોક્કસ તમને લાગતું હશે કે ત્યાં શું બની રહ્યું હતું ? સમગ્ર ઘટના અનોખી હતી તેને વિગતે ચાલો જાણીએ. ગુજરાત લો કોલેજનાં પ્રથમ વર્ષના બીબીએના વિદ્યાર્થીઓનો સમૂહ સ્વયંસેવક માટે પ્રભાતમાં આવેલ. તેઓ કશુક 'અલગ ' કરવા ઇચ્છતા હતા. તેઓએ લગભગ ત્રણ મહિનાથી વધુ સમય સુધી અલગ-અલગ જગ્યાએથી એકત્ર કરાયેલ ભંગાર વેચીને ફંડ એકઠું કર્યું અને અંતે બાળકો અને તેમના માતા-પિતા માટે એક અદ્દભુત દિવસનું આયોજન કર્યું. જુઓ : આનંદથી ભરેલા દિવસની એક ઝલક

https://www.facebook.com/prabhateducationfoundation/videos/1400296093827488

**સંસ્થાના શિક્ષણ અને અધ્યયન પ્રણાલીઓને મજબૂત કરવા પર વર્કશોપ:** પુણે (મહારાષ્ટ્ર )માં વિપ્રો ફાઉન્ડેશનનાં સહયોગથી ખેલઘર દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં પીઅર લર્નિંગ સાથેનું અત્યંત ઉપયોગી શિક્ષણ અને શીખવા માટેની પદ્ધતિઓનું આદાનપ્રદાન કરવામાં આવ્યું. જેમ કે, પ્રકૃતિ સાથે સામ્યતા બાંધવી, વ્યવહારુ શિક્ષણનું વાતાવરણ પૂરું પાડવું, વગેરે. આ ત્રણ ભાગની વર્કશોપ છે, જેમાં ખેલઘર દ્વારા અભ્યાસક્રમ સુધારણા પ્રદાન કરવા માટેનું પદ્ધતિસરનું મજબુત ફોલો-અપ ખૂબ જ પ્રશંસનીય છે અને તે શીખવાના સફળ અમલીકરણને સરળ બનાવશે.

**શિક્ષક દિવસની ઉજવણી:** આ એક એવી ઉજવણી છે જેની આપણે બધા રાહ જોતા હોઇએ છીએ. અહી ટીમમાં સૌથી મનપસંદ ભાગ એ છે કે, બાળકોને તેમના શિક્ષકોની જેમ પોશાક પહેરીને જોવું! આ ખરેખર અનુભવવા જેવું હોય છે. અહી બધું જ બાળકોના હાથમાં હોય છે. તેમના શિક્ષકો, પ્રશિક્ષકો અને સહાયક સ્ટાફની નાની વિગતો પણ આત્મસાત કરે છે એ જોવાનો અનેરો આ અવસર છે. જે ખુબ અદ્દભુત હોય છે. આ સમગ્ર ઘટના જોનાર આનંદની અનુભૂતિ કરે છે.

**ક્લાયન્ટ હોવાના સંબંધે :** રિવરસાઇડ સ્કૂલના ગ્રેડ 6 ના વિદ્યાર્થીઓએ શાળામાંથી ક્લાયન્ટ પ્રોજેક્ટ માટે પ્રભાતને તેમના 'ક્લાયન્ટ' તરીકે પસંદ કરેલ છે. તેઓએ પ્રભાતના કાફેટેરિયા (જે પ્રભાતના વ્યાવસાયિક તાલીમ એકમ હેઠળ છે) માટે તેમની સેવાઓ ઓફર કરી છે. તેઓ પ્રભાતના વિદ્યાર્થીઓને સેવાની તાલીમની સાથે નામ, કાફેટેરિયાનું ઇન્ટેરીયર મેનૂ સુધીના સમગ્ર એકમને વધુ સુંદર બનાવવાની પરિયોજના તૈયાર કરશે. ચોક્કસ પ્રભાત અદ્દભુત બદલાવની રાહ ઉત્સુકતાથી જોઈ રહ્યું છે!

**એક દિવસ પ્રભાતનાં નામે :** આ મહિને 2 લોકોએ 'એક દિન પ્રભાત કે નામ' પહેલ હેઠળ પ્રભાત સાથે તેમના જન્મદિવસની ઉજવણી કરી. એક અમારી પોતાની ખુશ્બુ હતી, જે પ્રશિક્ષિત અને નિષ્ણાત ફિઝિયોથેરાપિસ્ટ છે. તે દાણીલીમડા સેન્ટરમાં બાળકો સાથે કામ કરે છે અને તેમની સાથે સમય પસાર કરી આનંદ અનુભવે છે. તેમને કહ્યું કે, " અમારા બાળકો સાથે મારા જન્મદિવસની ઉજવણી ઉજવવા જેવી બીજી કઈ સારી રીત કઈ હોઈ શકે ! આ ઉપરાંત, અમે શ્રીમતી બેલા બહેનનો પણ ખાસ આભાર માનીએ છીએ કે જેમણે તેમના ખાસ દિવસ અમારા બાળકો સાથે પસાર કાર્યો.

**સહાયક સેવાઓ:** આ મહીને સંસ્થાની ટીમ દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/ વ્યક્તિઓને કેટલીક સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ મહીને 8 સિવિલ સર્ટી ,પ રેલ્વે પાસ ,4 એસ. ટી. બસનાં ઓનલાઈન ફોર્મ, પ પેન્શન યોજના , 1 બાળકનું બેંક માં ખાતું અને સી.આર.સી. ઓઢવ સાથે સંકલન કરી એક વ્હીલચેર અને એક બગલ ગોડી લાભાર્થીને આપવામાં આવી.

**દિવાળીની પૂર્વ તૈયારી:** *દિવાળી પહેલાનો મહિનો ખુબ જ રોમાંચક સમય હોય છે, હવામાં ઉત્સવની તરવરાટ છે, રંગની ગંધ અને ભીના માટી સાથે, દીવાની તમામ તૈયારીઓ શરુ થઇ ગઈ છે. આ એવો સમય જ્યારે શાળાઓ, સમુદાય અને પ્રભાતના બાળકો પોતાના હાથે બનાવેલા દિવડા પ્રશંસા અને આભારનું નાનું પ્રતીક લાવવા માટે ભેગા થાય છે. ચોક્કસ તમે પણ એ અભિવ્યક્તિને પ્રતિક સ્વરૂપે દરવાજાની બહાર જુઓ!*

# ફોટો ગેલરી



GLS વિદ્યાર્થીઓ સાથે બાળકોની મસ્તી



દિવડા બનવવામાં અમારીય ભાગીદારી !




શીખવવાની પદ્ધતિની
એક આ પણ રીત




'પ્રો' જેવી સર્વિસની પણ સેવાઓ ઉપલબ્ધ



આનંદમેળામાં રંગબેરંગી આનંદ અનુભવતા બાળકો



મળો ! નાના શિક્ષકને



કાશ્મીરા બહેન દ્વારા રાજ્ય સ્તરીય કાર્યશાળામાં અનુભવની

**Prabhat Education Foundation**
A-4, Sujal apartment
Opp. Satellite bungalow
Ramdevnagar
Ahmedabad 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION